# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જામનગર અને સોમનાથના પ્રવાસે.**
2. **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે પોરબંદરમાં વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**
3. **રાજ્ય કર વિભાગને ફેબ્રુઆરી મહિનામાં GST હેઠળ 6 હજાર 388 કરોડ રુપિયાની આવક થઈ.**
4. **પવિત્ર રમઝાન મહિનાનો આજથી પ્રારંભ.**
5. **રાજ્યમાં આગામી 2 દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે.**
6. **I.C.C.ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં આજે ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચે દુબઈમાં મેચ રમાશે.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યના ત્રણ દિવસના પ્રવાસ પર ગઈકાલે જામનગર પહોંચ્યા હતા. આ પ્રવાસ દરમિયાન શ્રી મોદી વિવિધ કાર્યક્રમમાં ભાગ લેશે. શ્રી મોદીએ આજે પશુ રાહત અને પુનર્વસન કેન્દ્ર વનતારાની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ ગીર રાષ્ટ્રીય પાર્ક સાસણની મુલાકાતે જશે.

સાંભળીએ એક અહેવાલ...

(વોઈસ કાસ્ટ – અર્પણા ખુંટ)

# MANSUKH MANDAVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે પોરબંદરના પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ સવારે સન્ડે ઑન સાઈ   કલ કાર્યક્રમમાં ભાગ લેશે. ઉપરાંત શ્રી માંડવિયા આજે સવારે પોરબંદર બંદરની મુલાકાત લેશે. ત્યારબાદ બગવદર ગામમાં રાંદલ માતાજી મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં વિકાસલક્ષી વિવિધકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આ ઉપરાંત શ્રી માંડવિયા બપોરે મોકર સાગર અભયારણ્યની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ કુતિયાણાની સુદામા ડેરી ખાતે કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે અને સાંજે ગ્રીનલેંન્ડ ચોકડી ખાતે યોજાનારા સર્વજ્ઞાતિ સમૂહલગ્નમાં હાજરી આપશે.

ગઈકાલે શ્રી માંડવિયાએ પોરબંદર કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી દિશા સમિતિની બેઠકમાં જિલ્લાના વિવિધ વિકાસ કાર્યો અંગે મહત્વના સૂચન કર્યા હતા.

**(બાઈટ – મનસુખ માંડવિયા)**

# GST AVAK

રાજ્ય કર વિભાગને આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં વસ્તુ અને સેવા કર - GST હેઠળ 6 હજાર 388 કરોડ રૂપિયાની આવક થઈ છે , જે ગયા વર્ષે સમાન સમયગાળાની આવક કરતાં સાત ટકા વધુ છે.

સત્તાવાર યાદી મુજબ, રાજ્ય કર વિભાગને ફેબ્રુઆરી સુધીમાં GST હેઠળ 67 હજાર 79 કરોડ રૂપિયાની આવક થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની 58 હજાર 447 કરોડ રૂપિયાની આવક સામે 15 ટકા વધુ છે.

આ ઉપરાંત વિભાગને ફેબ્રુઆરીમાં વેટ એટલે કે , વેલ્યૂ એડેડ ટેક્સ હેઠળ 2 હજાર 807 કરોડ , વિદ્યુત શુલ્ક હેઠળ એક હજાર 217 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ 21 કરોડ રૂપિયાની આવક થઈ છે. આમ , કર વિભાગને કુલ 2 લાખ 10 હજાર 433 કરોડ રૂપિયાની આવક થઈ છે.

# AMIT SHAH MEHSANA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મહેસાણાના પ્રવાસે રહેશે. દરમિયાન તેઓ આજે સવારે વિજાપુરમાં આવેલા શ્રી ગોવર્ધનનાથજી મંદિર પરિસરમાં નવનિર્મિત મંદિરનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ તેઓ બપોરે વિજાપુરની શેઠ જી. સી. હાઈસ્કૂલ પરિસર ખાતે વિદ્યાભવન અને સાંસ્કૃતિક ભવનનું પણ ઉદ્ઘાટન કરશે.

# SURAT- UNDERPASS

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી .આર. પાટીલ આજે સુરતના લિંબાયત અને ડિંડોલીને સાંકળતા અત્યાધુનિક રેલવે અંડરપાસનું ઉદ્ઘાટન કરશે. લિંબાયત ઝોન વિસ્તારમાં ઉધના યાર્ડ ખાતે સુરત - ભુસાવલ રેલવે લાઈન પર સાંઈબાબા મંદિર પાસે લિંબાયતથી ડિંડોલી જવા વાહનચાલકોને લાં બુ અંતર કાપવું પડતું હતું. આ સમસ્યાને ધ્યાને રાખીને મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2020માં 60 કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક રેલવે અંડરપાસ બનાવવાનું આયોજન કરાયું હતું.

# MOS JITENDRA SINGH

કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ આજે અમદાવાદના પ્રવાસે રહેશે. તેઓ આજે બપોરે સાયન્સ સિટીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશનની રજત જયંતિ ઉજવણી સમારોહમાં ઉપસ્થિત રહેશે.

# KUBER DINDOR-GRAM SANVAD

મહીસાગર જિલ્લાના ગોધર ગામે શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોરની ઉપસ્થિતિમાં ગ્રામ સંવાદ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં ગ્રામ સંગઠનો દ્વારા આજીવિકા , સામુહિક વન અધિકાર , ગ્રામ વિકાસ આયોજન , પર્યાવરણ જાળવણી અને વિવિધ યોજનાઓ સહિત સામાજિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. આ પ્રસંગે શ્રી ડીંડોરે સમૂહલગ્નના વ્યાપને વધારવા અપીલ કરી હતી.

**(બાઈટ – ડૉ. કુબેર ડીંડોર)**

# GPSC EXAM TIMETABLE

ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC દ્વારા આગામી પરીક્ષાઓનું સમયપત્રક નક્કી કરાયું છે. ગુજરાત મુલ્કી સેવા વર્ગ-એક તથા ગુજરાત વહીવટી સેવા વર્ગ-એક અને બેની પ્રાથમિક પરીક્ષાઓ આગામી 20 એપ્રિલ અને મુખ્યપરીક્ષા 20થી 29 એપ્રિલ દરમિયાન લેવાશે. GPSC દ્વારા પરીક્ષાઓ બાદ પરિણામનો સમય પણ નક્કી કરાયો છે.

જ્યારે મદદનીશ વન સંરક્ષક તથા પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ-બેની પ્રાથમિક પરીક્ષા આગામી 6 જૂન અને મુખ્યપરીક્ષા આગામી 10 ડિસેમ્બરથી 17 ડિસેમ્બર દરમિયાન લેવાશે. ઉપરાંત હિસાબી અધિકારી વર્ગ-એક અને બેની પ્રાથમિક પરીક્ષા પણ આગામી 6 જૂન અને મુખ્ય પરીક્ષા 10 ડિસેમ્બરથી 17 ડિસેમ્બર દરમિયાન લેવાશે. ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ હસમુખ પટેલે આ અંગે માહિતી આપી હતી.

# BANASKANTHA ROPE WAY

બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અંબાજીના ગબ્બર ખાતે રોપ-વેની સુવિધા આવતીકાલથી 6 દિવસ માટે બંધ રહેશે. સમારકામના કારણે આઠ માર્ચ સુધી રોપ-વે સુવિધા બંધ રહેશે. જ્યારે નવ માર્ચથી રોપ-વે સુવિધા રાબેતા મુજબ શરૂ રહેશે તેમ બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે.

# RAMZAN

દેશભરમાં આજથી પવિત્ર રમઝાન મહિનાનો પ્રારંભ થઈ રહ્યો છે. આજે પહેલો રોઝા એટલે કે , ઉપવાસ છે. ગઈકાલે મસ્જિદોમાં લોકો ઉમટી પડ્યા હતા અને ખાસ તરાવીહની નમાઝ અદા કરી હતી , જે સમગ્ર મહિના દરમિયાન કરાશે. રમઝાન ઇસ્લામિક કેલેન્ડરનો નવમો મહિનો છે અને આ મહિનાના અંતમાં ઈદ-ઉલ-ફિત્ર ઉજવવામાં આવે છે. રમઝાન એ અરબી શબ્દ છે. જ્યારે રોઝાને અરબીમાં સૌમ કહેવાય છે , જેનો અર્થ સ્વ-નિયંત્રણ થાય છે. મુસ્લિમ સમુદાયના લોકો રમઝાન મહિનામાં રોઝા રાખીને ઈબાદત કરશે.

જોકે, અખાતી દેશોમાં આજે રમઝાન મહિનાનો બીજો દિવસ છે.

# WEATHER

રાજ્યમાં આગામી 2 દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. તેમ જ આગામી સાત દિવસ બાદ રાજ્યમાં મહત્તમ તાપમાન વધવાની આગાહી હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

## (બાઈટ - હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ)

# ICC INDIA NEW ZEALAND

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિસદ- I.C.C.ચૅમ્પિયન્સ ટ્રૉફી ક્રિકેટમાં આજે ભારત અને ન્યૂ ઝિલૅન્ડ વચ્ચે મેચ રમાશે. ભારતીય સમય મુજબ , દુબઈમાં બપોરે અઢી વાગ્યે આ મેચ શરૂ થશે. આ બંને ટીમ પહેલા જ સેમિ-ફાઈનલમાં પહોંચી ગઈ છે. હવે આ મૅચમાં જીતનારી ટીમ મંગળવારે સેમિ-ફાઈનલમાં ઑસ્ટ્રેલિયા સામે રમશે. જ્યારે હારનારી ટીમ બુધવારે દક્ષિણ આફ્રિકા સામે રમશે.

દરમિયાન ગઈકાલે પાકિસ્તાનના કરાચીમાં દક્ષિણ આફ્રિકાએ ઇંગ્લૅન્ડને સાત વિકેટે પરાજય આપી સેમિ-ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ જીતની સાથે દક્ષિણ આફ્રિકા ગૃપ બી-માં ટોચના સ્થાને પહોંચ્યું છે. ગઈકાલે ઇંગ્લૅન્ડે ટૉસ જીતીને પહેલા બેટિંગ કરી 38 ઑવર 2 બૉલમાં માત્ર 179 રન બનાવ્યા. જૉ રૂટે સૌથી વધુ 37 રન બનાવ્યા અને માર્કો જેન્સન તેમ જ વિઆન મુલ્ડરે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. દક્ષિણ આફ્રિકાએ 29 ઑવર અને એક બૉલમાં ત્રણ વિકેટે 181 રન બનાવીને મૅચ જીતી લીધી હતી.

# GOVERNOR-KATCH VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કચ્છના ભચાઉ ખાતે ગુણાતિતપુર ગામમાં પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મ અને નર્સરીની મુલાકાત લીધી હતી. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન પૂરૂં પાડી તેને અપનાવવા અપીલ કરી હતી.